ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# મનપામાં ભળવા ઈચ્છુક ગ્રામીણ વિસ્તારો માટે "ટેક્ષ હોલી ડે" આપવાની લોભામણી વાતો

## શહેરીજનોમાં આ વાતને લઈ ચર્ચાઓએ જોર પકડ્યુ : અમદાવાદ પેટર્ન પર આ "ટેક્ષ હોલી ડે" તૈયાર કરવા મનપાનુ તંત્ર વ્યસ્ત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગર પાલિકામાં ગામો ભેળવવાની દરખાસ્ત સરકારને મોકલાયા બાદ હવે આ ગામોના મતદારોને રિઝવવા માટે અમદાવાદ કોર્પોરેશનની પેટર્ન મુજબ "ટેક્ષ હોલીડે" નામની લાલ ઝાઝમ બિછાવવા માટેની કનવાયત પણ હાથ ધરી હોવાનુ બહાર આવવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે હદ વધારાની દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ તેની વહીવટીય પ્રક્રિયા હાથ ધરાશે. આ ગ્રામજનોમાં વિરોધની લાગણી જન્મે નહિ તે માટે ખાસ "ટેક્ષ હોલી ડે" યોજના પણ તૈયાર કરવાની કવાયત તંત્રએ હાથ ધરી છે.

જે વર્ષે ભેળવવાના થાય તેના પ્રથમ વર્ષે આ ગ્રામજનો પાસેથી કોઈપણ પ્રકારનો ટેક્ષ વસુલવામાં આવ્યો નહિ. બીજા વર્ષે ૫૦ ટકાના દરે મિલ્કતવેરો અને સફાઈ વેરા સહિતના ચાર્જ વસુલવામાં આવશે. આ પછી ત્રીજા વર્ષે તે ૬૦ ટકા અને ચોથા વર્ષે ૭૦ ટકા લેખે વસુલવામાં આવશે જ્યારે પાંચમા વર્ષે આ વસુલાત ૧૦૦ ટકા લેખે કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી ૨૦૨૧માં છે અને હાલ જે રીતે ગ્રામીણ વિસ્તારમાં ભળવાની વાતને લઈ વિરોધી સૂર ઉઠી રહ્યો છે તેને થાળે પાડવા મનપાના અધિકારીઓએ આ માટે અમદાવાદ મહાનગરપાલિકા સાથે પરામર્શ કર્યો હતો.

આ અંગે બેઠક પણ થઈ ગઈ હોવાની વાતો બહાર આવવા પામી છે. તંત્રએ આ બાબતે આખી દરખાસ્ત તૈયાર કરવાની કવાયત પણ હાથ ધરી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

રાજ્ય સરકારે પણ આ ગામોને ભેળવવા માટે વિકાસ કમિશ્નરશ્રીને દરખાસ્ત મોકલી પંચાયતી રાજની ત્રિસ્તરીય સંસ્થાઓ પાસેથી વિગતવાર અહેવાલ તેમજ પ્રસ્તાવની તરફેણ કે વિરોધમાં પ્રસ્તાવ મેળવવા જણાવ્યુ છે.

હવે વસ્તી ગણતરીની વાત નજીકમાં છે એટલે ૨૦૨૧માં આ ગામોને ભેળવી શકાય તે રીતે હાલ કવાયત ચાલી રહી છે. જો કે નવેસરથી સીમાંકન પંચાયતોની ચૂંટણીનો પણ નડી શકે છે અને મનપાની ચૂંટણી ૨૦૨૧ના મે માં

● અનુસંધાન પાન-૭ પર



ટ્રીમીંગ - શહેરમાં વન વિભાગ દ્વારા વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી જોરશોરથી ચાલી રહી છે... લચી પડેલી ડાળીઓ અને જોખમરૂપ બની રહેલા વૃક્ષોનું માવજતના ભાગરૂપે સમગ્ર શહેરમાં ટ્રીમીંગ માટે વન વિભાગે અભિયાન હાથ ધર્યુ છે...

# સેકટરોમાં ગટર લાઈનની સમસ્યાને ડામવા માટે નવી લાઈન નાંખવાનુ શરૂ

## સે-૨૯ માં વંદે માતરમ પાર્ક સામે ઘણાં સમયથી ગટરના દુષિત પાણી ફરી વળતા હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી : અન્ય સેકટરોમાં ફરિયાદોના નિવારણ માટે કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૫

શહેરના સે-૨૯ માં ગટર લાઈનની સમસ્યાને ડામવા માટે નવી લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ છે. સેકટરમાં ઘણાં લાંબા સમયથી ગટરો ઉભરાવાની ફરિયાદો સ્થાનિક રહીશોમાં કકળાટનુ કારણ બની હતી. આ સમસ્યાના લીધે સકટરોમાં દુષિત પાણી ઉભરાતા સ્થાનિક રહીશોમાં રોગચાળાનો ખતરો મંડરાયો હતો. જેને ધ્યાને લઈ નવી લાઈન નાંખવા માટે કામ હાથ ધરવામાં આવ્યુ છે. ટુંકમાં અન્ય સેકટરોમાં પણ આ મુજબ નવી લાઈનનુ કામ કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજિત ૫૦ લાખનો ખર્ચ કરાશે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યાને ડામવા માટે તંત્ર દ્વારા હાલ સેકટરોમાં ગટર લાઈનનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈન બદલવા માટે સ્માર્ટ સીટી અન્વયે નવો પ્રોજેકટ તૈયાર કરાયો છે. જયારે આ અન્વયે સેકટરોમાં તમામ મુખ્યલાઈન બદલવાનુ કામ હાથ ધરાશે. મુખ્ય ગટર લાઈનની સાથે સેકટરોની આંતરિક લાઈન પણ જરૂર મુજબ બદલવામાં આવશે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈન સેકટરની વસતી અને વિકાસ મુજબ યોગ્ય નથી જયારે વર્ષો જુની ગટર લાઈનની ક્ષમતા વધારવાની પણ અનિવાર્યતા ઉભી થઈ છે. જેના લીધે સેકટરોમાં વારંવાર ગટરો ઉભરાતી હોવાની ફરિયાદો પણ વ્યાપક બની છે. સેકટરોમાં ગટર લાઈન અને પાણીની લાઈન ભળી જતી હોવાની ફરિયાદોના લીધે દુષિત પાણી આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામે છે. જેના લીધે જન આરોગ્ય પર ખતરો મંડરાય છે. આ સ્થિતિને ધ્યાને લઈને નગરના સેકટરોમાં સે-૨૯ માં વંદે માતરમ પાર્ક પાસે પણ લાંબા સમયથી ગટરો ઉભરાવાની સાથે દુષિત પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી. સેકટરમાં વારંવાર ગટરોનુ દુષિત પાણી ભરાતા સ્થાનિકોમાં પણ રોગચાળાના ખતરા સાથે પ્રબળ રોષ પ્રવર્તતો હતો. આ સ્થિતિને ધ્યાને લઈ પાટનગર યોજના વિભાગ દ્વારા આ વિસ્તારમાં ત્વરિત અસરથી નવી લાઈન



● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ઉનાળાની ઋતુ દસ્તક દઈ રહી હોય તેવા સંકેત

## આ સપ્તાહમાં મહત્તમ તાપમાન ૩૩-૩૪ ડિગ્રી સે. રહેવાની સંભાવના

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ધીમીગતિએ આકરા ઉનાળાની સીઝનનું આગમન થઈ રહ્યુ છે. હાલ દિવસે ગરમી તો રાત્રિના સમયે ઠંડીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૭માં આ અંગેના સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૧૫મીથી ૧૯મી ફેબ્રુઆરી દરમ્યાન મહત્તમ તાપમાન ૩૩-૩૪ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૬-૧૮ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. આ બુલેટીનમાં જણાવવા મુજબ હવામાં ભેજનું પ્રમાણ ૧૦ થી ૪૦ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે.

આ બુલેટીનમાં આ દિવસો દરમ્યાન પવનની ગતિ ૬ થી ૧૫ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા હોવાનુ પણ જણાવવામાં આવ્યુ છે. શિયાળુ પાકોમાં જરૂરીયાત મુજબ પિયત આપવાની તેમજ તાપમાન વધવાથી પાકમાં મોલોમસી જીવાતનુ પ્રમાણ ક્ષમ્ય માત્રા કરતા વધુ જોવા મળે તો તેના નિયંત્રણ માટે પગલાં લેવા ગ્રામસેવકો સાથે સંપર્કમાં રહી આગળ વધવા પણ જણાવાયુ છે.

ગુજરાતમાં સામાન્યતઃ શિવરાત્રિના પર્વે શિયાળાની ઠંડી વિદાય લેતી હોય છે. હવે શિવરાત્રિ પર્વની ઉજવણીને આડે એકાદ સપ્તાહ જેટલો સમય બાકી રહ્યો છે અને દિવસનુ તાપમાન સતત જે રીતે વધી રહ્યુ છે તે જોતાં આગામી ઉનાળો આ માસના છેલ્લા સપ્તાહમાં બેસી જશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં રવિ પાકના વાવેતરમાંથી બટાટાના આગમનની શરૂઆત થઈ ચુકી છે જ્યારે ઘઉં અને અન્ય પાકોની આવક પણ માસાન્તે શરૂ થાય તેવા અંદાજો હાલ જણાઈ રહ્યા છે.

# અનામત વર્ગની બહેનોને પીએમની માતાને મળવા જતા અટકાવાયા

## બિન અનામત વર્ગની બહેનોએ હકોના રક્ષણ માટે પીએમને મેઈલ કર્યો : એલઆરડી મુદ્દે બંન્ને છાવણીઓમાં સમર્થકોની ભારે ભીડ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરમાં એલઆરડી મહિલા ઉમેદવારોનું આંદોલન પુરજોશમાં ચાલી રહ્યું છે. બિન અનામત વર્ગ અને અનામત વર્ગની મહિલા બહેનોને મળવા માટે સમાજના આગેવાનો તેમજ સમર્થકો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા છે. નગરમાં એલઆરડી આંદોલને વેગ પકડ્યો છે. ત્યારે સરકાર પણ એલઆરડી મુદ્દે ઝડપી ઉકેલ આવે

### માલધારી અને આદીવાસી સમાજ ઠરાવ રદ કરવા મુદ્દે એક મંચ પર આવ્યા

સત્યાગ્રહ છાવણી ખાતે જીઆર રદ કરવાના મુદ્દે માલધારી અને આદીવાસી સમાજે સમર્થન આપ્યું છે. માલધારી અને આદીવાસી સમાજ પોતાની માંગણીઓને અને ભેદભાવોને બાજુમાં મુકીને ઠરાવ રદ કરવા અંગે એક મંચ પર આવ્યા છે. ત્યારે ઠરાવ રદ કરવા માટે પ્રજાપતિ સમાજ દ્વારા પણ આંદોલનને સમર્થન આપવામાં આવ્યું છે. જેને પગલે બંધારણ અધિકાર આંદોલન સમિતિ દ્વારા સમર્થન જાહેર કરનાર તમામ સમાજનો આભાર માન્યો છે.

ઉમેદવારો ન્યાય મેળવવા માટે નગરમાં અડીંગો જમાવી બેઠા છે. છાવણી ખાતે અનામત વર્ગની ઉમેદવારો અને ઘ-૪ સ્વર્ણીમ પાર્ક ખાતે બિન અનામત વર્ગની તે માટે મથામણ કરી રહી છે.

ગાંધીનગર સ્વર્ણીમ પાર્ક ખાતે ન્યાય મેળવવા માટે આંદોલન કરી રહેલી બિન અનામત વર્ગની મહિલાઓએ પોતાના હકોના રક્ષણ માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈમેલ કરી જાણ કરી હતી. તે ઉપરાંત બિન અનામત વર્ગની બહેનોએ સવારે ડૉ.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરીને પોતાના બંધારણીય હકોનું રક્ષણ કરવા માટે પ્રાર્થના કરી હતી. બિન અનામત વર્ગની મહિલા ઉમેદવારોના સમર્થનમાં ખોડલધામના ટ્રસ્ટી નરેશ પટેલનો સંદેશ લઈને દિનેશ કુંભાણી અને હોદેદારો આવી પહોંચ્યા હતા. સંદેશામાં તેઓએ જરૂર પડે સરકારમાં મધ્યસ્થી તરીકે હાજર રહેશે તેમ જણાવ્યું હતું.

જયારે છાવણી ખાતે અનામત વર્ગની બહેનોએ વડાપ્રધાનના માતા હીરાબાને પોતાની રજુઆત કરવાની વાત કરીને કુચની તૈયારી કરી હતી. પરંતુ પોલીસ તંત્રની સમજાવટને

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૩૦ ટકા જુના વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ નથી

## એચ એસ આર પી નંબર પ્લેટ આર ટી ઓ કચેરીમાં તૈયાર થઇ ગઇ હોય તેવા પેન્ડીંગ કેસ પણ વધુ : અરજદારો પણ ઉત્સાહ દાખવે તે અનિવાર્ય

ગાંધીનગર તા ૧૫

ટ્રાફિક નિયમનના કડક અમલ વચ્ચે આમ નાગરિકો વધુ જાગૃત બન્યા છે. જયારે એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવાનુ ફરજિયાત કરાયા બાદ અત્યાર સુધી સરકારે બે થી ત્રણ વાર આ મામલે મુદત વધારી છે. જયારે હાલ આર ટી_ કચેરીમાં તૈયાર થયેલી એચ એસ આર પી નંબર પ્લેટ પેન્ડીંગ હોવાના કિસ્સા પણ વધુ છે. બીજીતરફ જુના ૩૦ ટકા વાહનોમાં હજુ એચ એસ આર પી નંબર પ્લેટ ફીટ કરવાની કામગીરી બાકી છે.આર ટી ઓ કચેરી દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈ સોસાયટીમાં પણ કેમ્પનુ આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગરમાં હજુ પણ એચ એસ આર પી નંબર પ્લેટ વગરના વાહનો માર્ગ પર દોડતા જોવા મળે છે. આર ટી ઓ કચેરી દ્વારા હાઈસિક્યુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે અનેકવાર કેમ્પનુ આયોજન પણ કરવામાં આવે છે. જયારે હજુ આજની સ્થિતિએ પણ આર ટી ઓ કચેરીમાં એચ એસ આર પી નંબર પ્લેટ તૈયાર થઈને પેન્ડીંગ હોય તેવા કીસ્સા પણ

● અનુસંધાન પાન-૭ પર

# આર.ટી.ઓ.માં સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત : અરજદારોનુ કામ ઝડપથી થશે

## વાહન નોંધણી, ફીટનેસ , ટ્રાન્સફર સહીતની કામગીરી માટે અરજદારોએ ટેબલે ટેબલે ફરવુ નહીં પડે

ગાંધીનગર તા ૧૫

શહેરની આર ટી ઓ કચેરીમાં હવે સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત થતા અરજદારોએ ટેબલે ટેબલે ફરવુ નહીં પડે વાહન નોંધણી સહીત ફીટનેસ ટ્રાન્સફર એચ એસ આર પી નંબર પ્લેટ સહીતની કામગીરી પણ એક જ વિન્ડો સિસ્ટમના આધારે થશે. જેથી અરજદારોએ ધક્કા ખાવા નહી પડે બધી કામગીરી સિંગલ વિન્ડો સિસ્ટમના આધારે થતા અરજદારોનો સમય પણ બગડશે નહીં. ઝડપથી અરજીનો નિકાલ આવશે.

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં ઘણીવાર સર્વર ડાઉન થવાના પ્રશ્નના લીધે મુલાકાતીઓએ ધક્કે ચઢવાનો વારો આવે છે. જયારે આર ટી ઓ કચેરીનો વહીવટ પેપરલેસ કરવાની યોજના હજુ સુધી અસરકારક રીતે સાકાર થઈ નથી બીજીતરફ

● અનુસંધાન પાન-૭ પર

# નળ સરોવર ખાતે પક્ષીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો



ગાંધીનગર, તા. ૧૫

રાજ્યના વન વિભાગ દ્વારા દર બે વર્ષે એક વાર નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે પક્ષી ગણતરી યોજવામાં આવે છે. તાજેતરમાં થયેલ પક્ષી ગણતરીમાં નળસરોવર ખાતે પક્ષીઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. જ્યારે કચ્છમાં યોજાયેલ પ્રથમ પક્ષી વસ્તી ગણતરીમાં મોટી માત્રામાં પક્ષીઓ નોંધાયા છે એમ પક્ષી ગણતરી અંગેની વિગતો આપતાં રાજ્યના વન વિભાગ દ્વારા જણાવાયું છે.

નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય ખાતે વનવિભાગ દ્વારા તા.૮ અને ૯ ફેબ્રુઆરી દરમિયાન પક્ષી ગણતરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગણતરી માટે નળ સરોવર અને થોળ પક્ષી અભયારણ્ય વિસ્તારને અનુક્રમે ૪૦ અને ૮ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યા હતા. ગણતરીમાં રાજ્યભરમાંથી ખાસ આમંત્રિત કરવામાં આવેલ પક્ષીવિદો ઉપરાંત વનવિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ મળી કુલ ૧૫૦થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. ગણતરીના આંકડાઓની પ્રજાતિવાર નિષ્ણાંતો દ્વારા ચકાસણી બાદ, ડુપ્લિકેશન દૂર કરી પ્રજાતિવાર પક્ષીઓની સંખ્યાનો અંદાજ આખરી કરવામાં આવ્યો હતો.

આ ગણતરીમાં નળ સરોવરમાં ૧૩૧ પ્રજાતિઓના ૩,૧૫,૦૦૦થી વધુ પક્ષીઓ નોંધાયા હતા, જે અત્યાર સુધી યોજાયેલ ગણતરીઓમાં સૌથી વધુ છે. જ્યારે થોળમાં ૮૭ પ્રજાતિઓના ૫૭,૦૦૦થી વધુ પક્ષીઓ નોંધાયા હતા. વર્ષ-૨૦૧૮માં યોજાયેલ પક્ષી ગણતરીમાં નળ સરોવર ખાતે ૧૨૨ પ્રજાતિના ૧,૪૩,૦૦૦થી વધુ પક્ષીઓ તથા થોળ ખાતે ૯૨ પ્રજાતિના ૪૦,૦૦૦થી વધુ પક્ષીઓ નોંધાયા હતા. નળ સરોવર ખાતે રાજ્ય સરકારના વનવિભાગ દ્વારા અભિયાન સ્વરૂપે પ્લાસ્ટીકના કચરાની સફાઈ અને વન્યજીવ વ્યવસ્થાપનના ભાગરૂપે કરવામાં આવેલ વન્યજીવ રહેઠાણ સુધારણાની કામગીરીના હકારાત્મક પરિણામ મળ્યા છે.

**નળ સરોવરમાં પ્રજાતિઓના ૩.૧૫ લાખથી વધુ જ્યારે થોળ પક્ષી અભયારણ્યમાં ૮૭ પ્રજાતિઓના ૫૭,૦૦૦ થી વધુ પક્ષીઓ નોંધાયા : કચ્છના મોટા રણમાં ૪,૮૫,૦૦૦થી વધુ અને નાના રણ ૪,૦૦,૦૦૦થી વધુ પક્ષીઓ જોવા મળ્યા : મોટા અને નાના રણમાં ૫,૫૦,૦૦૦થી વધુ ફ્લેમીંગો નોંધાયા : જેમાં ત્રણ લાખથી વધુ બચ્ચાઓનો સમાવેશ**

પક્ષી રક્ષણ માટે ગૃહ વિભાગ તરફથી એસ.આર.પી. અને બોર્ડર વિંગ હોમગાર્ડના હથિયારધારી જવાનોનો સહયોગ મળી રહ્યો છે.







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com